# ૧૦ રૂપીયાના ચવાણાના પેકેટની માથાકુટમાં હત્યા

## માથામાં સળીયો મારી ગલ્લાવાળાનું ઢીમ ઢાળી દીધુ : યુવક હત્યા કર્યા બાદ પોતાની ઓરડીમાં જઈ સુઈ ગયો, દારૂ-નોનવેજની મિજબાની માણ્યા બાદ હત્યાને અંજામ આપ્યો,

ગાંધીનગર, તા.૨૨

પીડીપીયુ માર્ગ પર જીએનએલયુ પાસે ચા ની કીટલી ચલાવતા વ્યકિતની હત્યા થઈ હતી. રાત્રીના સમયે નીંદર માણી રહેલા વ્યકિતને માથાના ભાગે તિક્ષ્ણ હથીયારના ઘા મારી મોત નિપજાવ્યું હતું. ત્યારે સમગ્ર વિસ્તારમાં હત્યાને લઈ ચકચાર મચી જવા પામી હતી. ત્યારે હત્યારાને શોધવા માટે પોલીસની વિવિધ ટીમો કામે લાગી હતી. ત્યારે પોલીસે ગણતરીના કલાકોમાં જ હત્યાના આરોપીને પકડી પાડ્યો છે. ત્યારે પોલીસની તપાસમાં માત્ર ૧૦ રૂપીયાના ચવાણાના પેકેટની માથાકુટમાં હત્યા થઈ હોવાનું પ્રકાશમાં આવ્યું છે. પીડીપીયુ માર્ગ પર બાંધકામ સાઈટ પર કામ કરતા યુવકે દારૂ-નોનવેજની મિજબાની માણીને હત્યાને અંજામ આપ્યો છે. બપોરના સમયે ૧૦ રૂપીયાના પેકેટને લઈ બંન્ને વચ્ચે માથાકુટ થઈ હતી. જેમાં મૃતક અને હત્યારા વચ્ચે ઝપાઝપી થઈ હતી.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર પીડીપીયુ માર્ગ પર સ્થિત ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી પાસે ચા ની કીટલી મહિલા ચલાવે છે. ત્યારે આ મહિલા સાથે છોટા ઉદેપુરનો સુખરામ રાઠવા રહેતો હતો. જયારે સુખરામ બાંધકામ સાઈટ પર મજુરી કામ કરતો હતો. રવિવારની રાત્રે સુખરામ રાઠવા ખાટલામાં ભર નીંદરમાં હતો તે સમયે કોઈ વ્યકિતએ સુખરામના માથાના ભાગે તિક્ષ્ણ



હથીયાર વડે હુમલો કરી હત્યા કરી હતી. હત્યાની જાણ થતા પોલીસ અધિકારીઓ ઘટના સ્થળે દોડી આવીને તપાસ હાથ ધરી છે. જેથી પોલીસ શંકાના દાયરામાં રહેલી મહિલાની શોધખોળ આદરી હતી. જયારે બાંધકામ સાઈટ પર કામ કરતા મજુરોની પુછપરછ શરુ કરી હતી. ત્યારે જીએનએલયુ માર્ગ પર રોયલ સ્ટ્રીટ બાંધકામ સાઈટ પર કામ કરતો ૨૧ વર્ષિય રામલાલ શંકરલાલ પ્રજાપતિ (મુળ મધ્યપ્રદેશ) ને રવિવારે બપોરના સમયે સુખરામ માથાકુટ થઈ હતી.

જેથી રામલાલને પોલીસ મથકે લાવી પુછપરછ કરતા તેણે હત્યા કર્યાની કબુલાત કરી હતી. મળતી વિગત મુજબ મૃતક અને હત્યારો એક જ વિસ્તારમાં રહેતા હોવાથી એકબીજાને ઓળખતા હતા. રવિવારના રોજ બપોરના સમયે રામલાલ ચવાણુનુ પેકેટ લેવા માટે ચા ની કીટલી પર ગયો હતો. જયાં પેકેટના પૈસા અંગે માથાકુટ થઈ હતી.તે સમયે સુખરામે રામલાલના વાળ ખેંચી નખ મારી ઝપાઝપી કરી હતી. આ અંગેની અદાવત રાખી રામલાલે હત્યાનો પ્લાન ઘડી કાઢ્યો હતો. જેનો અણસાર સુખરામને આવવા દીધો ન હતો. સાંજ પડતા જ નોનવેજ બનાવી કિટલી પર રામલાલ લઈને આવ્યો હતો. જમી પરવારી સુખરામ ખાટલામાં સુઈ ગયો હતો. તે સમયે મોકો જોઈ રામલાલે લોખંડના સળીયાના ફટકા મારી હત્યા કરી હતી. હત્યા કર્યા બાદ કંઈ બન્યું નથી તે પ્રકારે રામલાલ પોતાની ઓરડી પર જઈને સુઈ ગયો હતો. જયારે મહિલા પોતાના વતન હોળીનો તહેવાર હોવાથી ગઈ હોવાનું ધ્યાને આવ્યું છે.

## બાળગૃહમાં રહેતા અજાણ્યા બાળકનો પરિવાર સાથે મેળાપ

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર શહેરના એસ.ટી.ડેપો પાસેથી ગત તા.૧૫ માર્ચના રોજ રાત્રીના ૧૧ કલાકે એક અજાણ્યું બાળક મળી આવ્યું હતું. એસટી ડેપો પાસેથી બાળક મળી આવતા સરકારી બાળગૃહ સેકટર-૧૭ ખાતે સંભાળ અને સલામતી માટે મુકવામાં આવ્યો હતો. જયારે બાળક પ્રાથમિક દ્રષ્ટ્રિએ જોતા માનસીક બિમાર લાગી રહ્યું હતું. બાળક પોતાના વિશે કે તેના માતા-પિતા કે પરિવાર સંબંધિત કોઈપણ પ્રકારની માહિતી આપતો ન હતો. જેને પગલે બાળકનું તેના પરિવાર સાથે મેળાપ કરવાનુ કામ ખુબ જ કઠીન હતું. જયારે બીજીતરફ બાળકના માતા-પિતાએ આખીરાત બાળકને શોધવા માટે પ્રયત્નો હાથ ધર્યા હતા. ત્યારબાદ સેકટર-૨૧ પોલીસ મથકે બાળક ગુમ થયા અંગે



ફરીયાદ કરવા માટે દોડી ગયા હતા. જેથી સેકટર-૨૧ પોલીસ દ્વારા સરકારી બાળગૃહ સેકટર-૧૭ ના અધિક્ષક સાથે ટેલીફોનીક વાત થયા બાદ બાળકનો તેના માતા-પિતા સાથે મેળાપ થયો હતો. જેને પગલે બાળ કલ્યાણ સમિતિ ગાંધીનગર દ્વારા બાળકના વાલી વારસ સંબંધિત પુરતી ખાત્રી કરીને જરુરી આધાર પુરાવાઓ મેળવીને બાળકને ગત તા.૧૭ માર્ચના રોજ તેના પરિવારને સુપ્રરત કર્યો હતો. જયારે બાળ કલ્યાણ સમિતિ, બાળ સુરક્ષા એકમ અને બાળ સંભાળ ગૃહ, ચાઈલ્ડ હેલ્પ લાઈન ગાંધીનગર દ્વારા બાળકના પુનઃ સ્થાપન માટે ભારે જહેતમ ઉઠાવી હતી. જયારે માતા-પિતાને જોઈ બાળક આનંદિત થઈ ગયો હતો.

## શહેરમાં ઈન્ટરનેટના કેબલ ચોરી કરનાર ટોળકી સક્રિય

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર શહેરમાં ઈન્ટરનેટના કેબલ ચોરી કરનાર ટોળકી સક્રિય થઈ હોય તેમ લાગી રહ્યુ છે. શહેરના વિવિધ સેકટરમાંથી કેબલ ચોરીના ૭ જેટલા કિસ્સા સામે આવ્યા છે. ત્યારે શહેરની પોલીસ કેબલ ચોરને પકડવા માટે સક્રિય થઈ ગઈ છે.સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરમાં હાલ મોટા ભાગે ઘરે ઘરે ઈન્ટર નેટ છે. ત્યારે આ નેટના કેબલ મોંઘાદાટ હોવાથી ચોર શખ્સો હવે વાયર ચોરી કરી જાય છે. ત્યારે શહેરના ઈન્ટરનેટના કેબલ ચોરીની અંદાજીત ૭ થી વધુ ઘટના બની હોવાનું સામે આવ્યું છે. આ અંગે પોલીસ મથકે અરજી પણ આપવામાં આવી છે. ત્યારે પહેલા ચોર શખ્સો ખેતરમાં બોરકુવા પર રહેલા મોંઘાદાટ કેબલની ચોરી કરી પલાયન થઈ જતા હતા. ત્યારે હવે ઈન્ટરનેટના વાયરો કાંપી જતા રહેતા નાગરીકોને ભારે હેરાનગતિનો સામનો કરવો પડે છે.



સેકટર-૧૬ નાગરિક બેંકની સામે પાણીનો વાલ્વ તુટી જતાં રોડ પર પાણી વહ્યું હતું. સતત પાણી વહેતા અહીં કાદવકીચડ થયું હતું.

## હિન્દુ ધર્મના દેવી-દેવતાઓનુ અપમાન કરનારા તત્વો સામે ગુનો નોંધવા વિરાટ દેવીપુજક સંઘ દ્વારા રજુઆત

વિરાટ દેવીપુજક સંઘ, અખિલ ભારતીય આદિમ મહાસંઘ અને બજરંગ દળ અને વિવિધ હિન્દુ સંગઠનો દ્વારા હિન્દુ સમરસ એકતા મિશનનું આયોજન



સવારે ૧૦ કલાકે સેકટર-૭ ભારત માતા મંદિર ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં રાજયભરમાંથી હિન્દુ સમાજના વિવિધ સંગઠનો અને હોદેદારો હાજર રહ્યા હતા. હિન્દુ ધર્મના દેવી દેવતાઓનું અપમાન કરનારા ના વિરોધમાં ભારતીય આદિમ મહાસંઘ દ્વારા રાજયના મુખ્યમંત્રીને આવેદન પત્ર પાઠવી ઝડપી યોગ્ય કરવા માટે રજુઆત કરી હતી.

આ અંગે વધુ માહિતી આપતા વિરાટ દેવીપુજક સંઘના પ્રમુખ અને અખિલ ભારતીય આદિમ મહાસંઘના રાષ્ટ્રીય અધ્યક્ષ રૂપસંઘભાઈ ભરભીડીયાએ જણાવ્યું કે સોશ્યલ મિડીયામાં કેટલાક શખ્સો હિન્દુ ધર્મ સંસ્કૃતિના દેવી દેવતા ઓની સરા જાહેર અભદ્ર ટીપ્પણીઓ કરી રહ્યા છે. જેથી હિન્દુ ધર્મ અને સંસ્કૃતિને માનનારાઓની આસ્થા અને શ્રદ્ધાને ઠેસ પહોંચી છે. જેથી રાજયના વિવિધ હીન્દુ સંગઠનો દ્વારા સરકારને લેખિત રજુઆત કરવામાં આવે છે કે હિન્દુ દેવી દેવતાઓની અભદ્ર ટીપ્પણી કરનારા ઉપર તાત્કાલીક એફ.આઈ.આર દાખલ કરી જેલમાં ધકેલી દેવામાં આવે, કોઈપણ સમાજની ધર્મ પરંપરા સંસ્કૃતિ, આસ્થા, શ્રધ્ધા ઉપર અભદ્ર ટીપ્પણીઓ, લાગણીઓ દુભાય નહી તેમજ સમાજ સમરસતા માટે સ્પેશ્યલ તત્કાલ કાયદો ઘડવામાં આવે, તેમજ ટીપ્પણીઓ કરનારા સામે રોક લગાવવા અધિકૃતોને આદેશ કરવામાં આવે, હિન્દુ સમાજની દરેક જાતિઓને પોત પોતાની સંસ્કૃતિ પ્રમાણે આસ્થા શ્રધ્ધા થી ધર્મ પાળવાની સ્વતંત્રતા આપવામાં આવે. ત્યારે રાજયના મુખ્યમંત્રીને હિન્દુ સમાજના સંગઠનો, વિરાટે દેવીપુજકસંઘ, અખિલ ભારતીય આદિમ મહાસંઘ દ્વારા આવેદન પત્ર પાઠવી ટીકા-ટીપ્પણી કરનારા તત્વો સામે તાત્કાલીક નિર્ણય લઈ યોગ્ય કરવા લેખિત રજુઆત કરવામાં આવી છે.

## ખૂણેખાંચરેથી

- કલોલમાં પાણીજન્ય રોગચાળાના આજે વધુ નવ કેસ નોંધાયા છે.
- ગાંધીનગરના મેયર હિતેષ મકવાણાએ ગુજરાતી ફિલ્મો માટે અપાતા "જીફા" એવોર્ડ સેરેમનીમાં હાજરી આપી હતી.
- વિશ્વ ક્ષય દિવસની ઉજવણીના ભાગરૂપે જાગૃતિ અભિયાન અંતર્ગત કલોલ શહેરમાં આજે રેલી યોજવામાં આવી હતી.
- ગ્રામ પંચાયતોના સરપંચોને ઓળખપત્ર આપવાનો નિર્ણય રાજ્ય સરકારે કર્યો છે તેવી જાહેરાત પંચાયતમંત્રી બ્રિજેશ મેરજાએ આજે વિધાનસભામાં કરી છે.
- ગાંધીનગર શહેરમાં અબોલ પક્ષીઓને પીવાના પાણી માટે કુંડા વિતરણ અને છાયા માટે પુંઠાના ચકલીઘરોનું વિતરણ કાર્ય પ્રકૃતિ પ્રેમીઓ દ્વારા હાથ ધરવામાં આવ્યું છે.
- ગાંધીનગર શહેરમાં શાકભાજીના ભાવ વધવા પામ્યા છે.
- જિલ્લામાં આ વર્ષે બટાટાના ઉત્પાદનમાં ઘટાડો જોવા મળ્યો છે. વાવેતર વધુ થયુ હોવા છતાં ઉતારામાં ઘટાડો નોંધાયો છે.
- ગાંધીનગર શહેરના આંતરિક માર્ગોની સફાઈમાં પણ મનપાનું તંત્ર ઉદાસીનતા દાખવી રહ્યું હોવાથી લોકોમાં અનેક તર્ક વિતર્ક સાથે ચર્ચાઓ શરૂ થઈ છે.
- દહેગામ તાલુકામાં ગઈકાલે આગના બે બનાવ બનતાં સમગ્ર તાલુકામાં ચકચાર મચી જવા પામી હતી.
- આજે રાજ્ય વિધાનસભાની પ્રશ્નોત્તરીમાં ગાંધીનગર (દ)ના ધારાસભ્ય શંભુજી ઠાકોરનો પ્રશ્ન પ્રથમ ક્રમાંકે હતો.
- રાજય સરકારના નાણાં વિભાગે આજે એક પરિપત્ર કરી માઈલેજ ભથ્થાના દરમાં સુધારા કરતા હુકમો કર્યા છે.

## સાદરામાં વિશ્વ કાવ્ય દિવસ-વિશ્વ વિકલાંગ દિવસની ઉજવણી

ગૂજરાત વિદ્યાપીઠના સાદરા સંકુલમાં એક સાથે બે વિશ્વ દિવસોની ઉજવણી સંકુલ સંયોજક પ્રા. રમેશભાઈ પટેલના માર્ગદર્શનથી કરવામાં આવી. રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડૉ. દિવ્યેશ ભટ્ટે વિશ્વ કાવ્ય દિવસ વિષયક સુંદર વાર્તાલાપ કરતાં જણાવ્યું કે કાવ્ય માનવજીવનને હર્યુભર્યુ રાખવાનું કામ કરે છે. સમાજ સુધારણા અને રાષ્ટ્રભક્તિના સતત સંકેતો કરતું રહે છે. કાવ્ય એ યુવાનોને સ્વરોજગારી તરફ લઈ જવાનું માર્ગદર્શન કરે છે. યુવા પ્રાધ્યામક ડૉ. બળદેવભાઈ મોરીએ વિશ્વ વિકલાંગ દિવસ વિષયક બેનમૂન વાર્તાલાપ કરતાં જણાવ્યું કે વિકલાંગોને માત્ર પ્રેમની હૂંફ અપાય તો વિકલાંગ માટેની ઘણી બધી સદ્ભાવના રાખી ગણાય. વિકલાંગને આર્થિક સહાય માટે બિન વિકલાંગોએ ઉદાર હાથે આપી તેમના વિકાસ કાર્યમાં મદદરૂપ થવાની ટહેલ કરી હતી.

## જળ બચાવવા બાળકો સ્વયંસેવક બનીને જાગૃતિ ફેલાવે : બાલક્રિશ્ન પંડિત

### ગુજરાત સાયન્સ સિટી ખાતે 'વિશ્વ જળ દિવસ'ની ઉજવણી કરાઇ

વિશ્વ જળ દિન પ્રતિ વર્ષ તા.૨૨મી માર્ચના રોજ સમગ્ર વિશ્વમાં ઉજવવામાં આવે છે. વિશ્વમાં ઘણા પ્રદેશો ઊંડા ભૂગર્ભ અંતર્ગત વિશ્વ જળ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

ગુજરાત સાયન્સ સિટી ખાતે આ ઉજવણી અંતર્ગત ગુજરાત



જળ, દુષ્કાળ, ક્ષાર-પ્રદૂષણ, શુદ્ધ પાણી ની તંગી જેવી વિવિધ જળ સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે ત્યારે જળ દિવસ નિમિતે શુદ્ધ જળની જરૂરિયાત, જળ વ્યવસ્થાપન અને તેના જવાબદારીભર્યા ઉપયોગ અંગે જનસમુદાયને પ્રોત્સાહિત કરવાના ઉદ્દેશથી ગુજરાત સાયન્સ સિટી ખાતે આજે 'ભૂગર્ભજળ – અદ્રશ્યને દ્રશ્યમાન બનાવીએ' પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના જળ વિજ્ઞાની હાઈડ્રોલોજિસ્ટ બાલક્રિશ્ન પંડિત ભૂગર્ભજળ વિષે રસપ્રદ માહિતી આપી હતી. બાલક્રિશ્ન પંડિતે જણાવ્યું હતું કે "પાણી પણ એક મર્યાદિત સ્ત્રોત છે અને તેનું યોગ્ય વ્યવસ્થાપન જરૂરી છે પાણી જેટલું નાનું દેખાય છે તેટલું જ મહત્વનુ છે." બાળકો સ્વયંસેવક બની પાણી અંગે જાગૃતિ ફેલાવવાનું કામ કરે તે માટે તેમને બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા. આ ઉજવણી અંતર્ગત આયોજિત ચિત્ર સ્પર્ધામાં ભાગ લઈ વિદ્યાર્થીઓએ ચિત્રો દ્વારા આ વિષયની સુંદર રજૂઆત કરી હરી. નડિયાદ ઈંગ્લિશ સ્કૂલના ૨૦૦થી વધુ વિદ્યાર્થીઓ સાથે અન્ય નાગરિકો પણ આ ઉજવણીમાં જોડાયા હતા. ગુજરાત સરકારના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના નેજા હેઠળ કાર્યરત ગુજરાત સાયન્સ સિટી જનસમુદાયને વિજ્ઞાન સાથે જોડી ઉજ્વળ ભવિષ્ય માટે જનસમુદાયને જાગૃત કરવા કટિબધ્ધ છે.

## સે. ૨૪ અને ૨૭ના રંગમંચોનું સંચાલન સરકાર પોતાના હસ્તક રાખે : અંકિત બારોટ

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર મહાનગર પાલિકાના કોંગી કાઉન્સીલર અંકિત બારોટે આજે રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, માર્ગ-મકાન મંત્રી પૂર્ણેશ મોદીને રૂબરૂ મળી સે. ૨૪ અને સે. ૨૭ના રંગમંચનું સંચાલન વધુ પાંચ વર્ષ માર્ગ-મકાન વિભાગ દ્વારા જ થાય તેવી ઉગ્ર રજુઆત કરી છે.

બારોટે જણાવ્યુ છે કે મહાનગરપાલિકા પાસે આ બે રંગમંચોનું સંચાલન જશે તો ૭૫ ટકા જેટલુ ભાડુ વધી જશે અને સામાન્ય તેમજ શ્રમજીવી પરિવારોને આ સ્થાન મોંઘુ પડશે.

તેમણે કહ્યુ છે કે ગાંધીનગર શહેરમાં સે. ૨૪માં શ્રમજીવી પરિવારો વધુ વસવાટ કરે છે. આ બે રંગમંચોના નવીનીકરણની કામગીરી તંત્રએ તાજેતરમાં જ સંપન્ન કરી છે. અર્ધ મધ્યમ અને શ્રમજીવી પરિવારોને પ્રસંગો માટે સરકારી દર જે નિયત થયેલો છે તે પોષણક્ષમ બની શકે છે. આથી આ દિશામાં સંવેદનશીલ બની સરકાર આ બે રંગમંચોનું સંચાલન મનપાને સોંપવાના નિર્ણયમાં પુનઃ વિચારણા કરે તે જરૂરી છે.

## આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત ગુજરાતના ૭૫ વિવિધ શહેરો અને નગરોમાં સાંસ્કૃતિક અમૃત યાત્રા યોજાશે

ગાંધીનગર, તા.૨૨

ગુજરાત સરકારના રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા ગુજરાતના પસંદ કરાયેલા ૭૫ શહેરો અને નગરો ખાતે આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત 'આઝાદીની અમૃત યાત્રા' શિર્ષક હેઠળ જાણીતા કલાકારો દ્વારા દેશભક્તિ સહિત ના જાણીતા ગીતો તથા આઝાદી સાથે જોડાયેલી અનેક ઘટનાઓ ને મલ્ટી મીડિયા ના સહારે જીવંત કરી એક ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

પહેલાં ચરણમાં આ કાર્યક્રમ આગામી તારીખ ૨૩ માર્ચે ચોપાટી ગ્રાઉન્ડ, સોમનાથ મંદિર સામે, સોમનાથ, તારીખ ૨૪ માર્ચના દિવસે એગ્રીકલ્ચર યુનિવર્સિટી કેમ્પસ, ઓડીટોરીયમ ની પાછળ, મોતીબાગ, જુનાગઢ ખાતે યોજાશે. આ સમગ્ર આયોજન માં નામી કલાકારો સાથે સ્થાનિક કલાકારો પણ પોતાની પ્રસ્તુતી કરશે. રાજ્ય સરકાર દ્વારા કોરોના કાળ પછી વધુમાં વધુ કલાકારોને આ કાર્યક્રમમાં સમાવી એક નોંધનીય રોજગારી ઉભી કરવાનો હકારાત્મક અભિગમ રાખવામાં આવ્યો છે.

તા. ૨૩ માર્ચના રોજ સોમનાથ ખાતે યોજાનાર આ કાર્યક્રમમાં સ્થાનિક કલાકારો સાથે ગુજરાતના નામી કલાકારો સંગીતા લાબડીયા તથા બ્રીજરાજ લાબડીયા પોતાના સ્વરો રેલાવશે.

આગામી તારીખ ૨૪ માર્ચના રોજ જુનાગઢ ખાતે યોજાનાર આ કાર્યક્રમમાં સ્થાનિક કલાકારો સાથે ગુજરાતીઓના ગૌરવ સમા કલાકાર અને પાશ્ર્વ ગાયક પાર્થિવ ગોહિલ પોતાના સ્વરો રેલાવશે. ગુજરાતના સુરીલા અને જાણીતા કલાકાર શાંત્વની ત્રિવેદી અને બહાદુર ગઢવી પણ જોડાશે. ઉલ્લેખનીય છે કે, આ કાર્યક્રમ પ્રેક્ષકો વિનામુલ્યે જોઈ શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. બન્ને જગ્યાએ સાંજે ૬:૩૦ વાગ્યે યોજાનાર આ કાર્યક્રમમાં હાજર રહેવા નાગરિકોને જાહેર આમંત્રણ છે.

**લગ્ન વિષયક**

રાજપૂત યુવક ૧૯૭૯, વેલસેટ વિધુરને રાજપૂત યુવતી વંધ્યત્વા ધરાવતી યુવતી આવકાર્ય

સંપર્ક
મો. ૯૪૨૮૮ ૦૭૭૦૮

**ઈ-ટેન્ડરીંગ જાહેર નિવિદા**

વર્ષ-૨૦૨૧-૨૨

ગાંધીનગર મહાનગરપાલિકા

બહુમાળી ભવન, બી-બ્લોક, પ્રથમ માળ, સેક્ટર-૧૧, ગાંધીનગર

ગાંધીનગર મહાનગરપાલિકા ખાતે નીચે દર્શાનેલ ટેન્ડર મુજબના કામે પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલ ઈ-ટેન્ડરોમાં ભાવો મંગાવવામાં આવે છે.

| ટેન્ડર નંબર | કામનું નામ | ટેન્ડર ફી | ઈ.એમ.ડી. |
|---|---|---|---|
| ૫૨/૨૦૨૧-૨૨ | Construction of Shelter Home of Bedded Dormitory for Urban Homeless at FP-304 for GMC at Gandhinagar (2nd trial) | રૂ. ૬૦૦૦/- | રૂ. ૪,૨૬,૮૬૬/- |
| ૫૧/૨૦૨૧-૨૨ | Construction of Urban Building at Kudasan & Vavol at Gandhinagar for GMC (2nd trial) | રૂ. ૩૬૦૦/- | રૂ. ૨,૦૬,૬૦૦/- |
| ૪૦/૨૦૨૧-૨૨ | Construction of Water Distribution Station with Electrical & Mechanical Work Including O & M for 2 years in FP-133 of TP-303 of GMC Area (2nd trial) | રૂ. ૧૨,૦૦૦/- | રૂ. ૯,૬૪,૬૦૯/- |
| ૩૫/૨૦૨૧-૨૨ | Providing and Laying Water Supply & Sewerage Network in Bhat Gamtal of GMC Area (2nd trial) | રૂ. ૧૨,૦૦૦/- | રૂ. ૯,૬૫,૫૫૩/- |
| ૦૭/૨૦૨૨-૨૩ | Construction of new Roads and Repairing Damage Roads in various Villages in GMC Area | રૂ. ૧૮,૦૦૦/- | રૂ. ૧૦,૮૩,૦૦૬/- |

ટેન્ડર ફોર્મ તા. ૨૧/૩/૨૦૨૨ થી તા. ૧૧/૪/૨૦૨૨ સુધી સમય ૧૭:૦૦ કલાક સુધી ઓનલાઈન વેબસાઈટ www.nprocure.com પરથી ડાઉનલોડ કરી ઓનલાઈન ભરી શકાશે.

ટેન્ડરપ બીડના જરૂરી આધાર માટેના તમામ ડોક્યુમેન્ટ ઓનલાઈન ઈલેક્ટ્રોનીક ફોર્મેટમાં સ્કેન કરી મોકલવાના રહેશે. ટેકનીકલબીડ અને ટેન્ડર ફીની રકમ તથા ઈ.એમ.ડી.ના ડીમાન્ડ ડ્રાફ્ટ નાયબ મ્યુનિસિપલ કમિશનરના નામે તા. ૧૨/૪-૨૦૨૨ થી ૧૯/૪/૨૦૨૨ સમય ૧૭:૦૦ કલાક સુધીમાં રજીસ્ટર પોસ્ટથી મોકલવાના રહેશે તે પ્રમાણે જે ઓફરો મળે હશે તે જ ખોલવનામાં આવશે.

ઓનલાઈન ઓપનીંગ તા. ૨૦/૪/૨૦૨૨ કરવામાં આવશે.

સહી/-
મ્યુનિસિપલ કમિશનર
ગાંધીનગર

માહિતી/૩૪૪૬/૨૧-૨૨

**નર્મદા જળસંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**

જાહેર નિવિદા નં. ૦૭, વર્ષ ૨૦૨૧-૨૦૨૨

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી વતી કાર્યપાલક ઈજનેરશ્રી, કાંસ વિભાગ, સ્ટેટ વૉટર ડેટા સેન્ટર બિલ્ડીંગ, સેક્ટર-૮, ગાંધીનગર-૩૮૨૦૦૮, (ફોન નં. ૦૭૯-૨૩૨૪૮૦૦૬)ની કચેરી દ્વારા ગુજરાત રાજ્યના માર્ગ અને મકાન વિભાગ તેમજ નર્મદા જળસંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગમાં યોગ્ય શ્રેણીમાં નોંધાયેલા માન્ય ઈજારદારો પાસેથી ઓનલાઈન ભાવો માંગવામાં આવે છે.

| કામનું નામ | અંદાજીત રકમ (રૂ.માં) | ૧) બાનાની રકમ<br>૨) ટેન્ડર ફી રૂ.<br>૩) સમયમર્યાદા<br>૪) રજીસ્ટ્રેશન |
|---|---|---|
| 1. Providing and Fixing 315 mm Dia, HDPE Pipe Line from Existing Scour Valve and connecting with Main MS Pipeline of Gandhinagar District (1) For Filling Vayanadev Pond (Survey No. 131) of Village-Badpur, Ta. Dahegam (2) For Filling Rujeda Pond & Sanghodiya Pond (Survey No.215 & 462) of Village-Navanagar, Ta. Dahegam, from Hatmati Guhai Pipeline Project | રૂ. ૧,૦૮,૪૬,૯૫૭.૩૧ | ૧) રૂ. ૧,૦૮,૪૭૦/-<br>૨) રૂ. ૩૬૦૦/-<br>૩) ૬ માસ<br>૪) 'સી' અને ઉપરની શ્રેણી |

(૧) ટેન્ડરના દસ્તાવેજો વેબસાઈટ www.nwr.nprocure.com ઉપરથી તા. ૨૫/૩/૨૦૨૨ થી તા. ૧૬/૪/૨૦૨૨ સમય ૧૮.૦૦ કલાક સુધી ડાઉનલોડ / અપલોડ કરી શકાશે.
(૨) ટેન્ડર ડોક્યુમેન્ટ ટેન્ડર ફી, સોલવંશી ઓછામાં ઓછી ટેન્ડર રકમના ૨૦% કેલેન્ડર વર્ષ-૨૦૨૨ની અને ઈ.એમ.ડી. (ટેન્ડર અપલોડ કરવાની છેલ્લી તારીખથી ઓછામાં ઓછી ૧૮૦ દિવસ મુદતની કાર્યપાલક ઈજનેર, કાંસ વિભાગ, ગાંધીનગરના નામની અવશ્ય જોડવી) રજી.પો.એ.ડી. / સ્પીડ પોસ્ટ / કુરીયરથી તા. ૧૮/૪/૨૦૨૨ થી તા. ૨૨/૪/૨૦૨૨ સમય ૧૬.૦૦ કલાક સુધી સ્વીકારવામાં આવશે.
(૩) પ્રાયમરી બીડ ઓપનીંગ તા. ૨૫/૪/૨૦૨૨ના રોજ ૧૨.૦૦ કલાકે અને પ્રાઈસબીડ ઓપનીંગ તા. ૨૫/૪/૨૦૨૨ના રોજ ૧૨.૩૦ કલાકે ખોલવામાં આવશે. (જો શક્ય હશે તો) (ફક્ત ક્વોલીફાય થયેલ બીડરો માટે)
વધુ માહિતી વેબસાઈટ www.nwr.nprocure.com પરથી મેળવી શકાશે.
* કવર પર કામનું નામ તથા ટેન્ડર આઈ.ડી. અવશ્ય લખવાનો રહેશે.

માહિતી/૩૪૫૪/૨૧-૨૨